# પાંડેસરામાં મહિલાના પ્રાઈવેટ પાર્ટ પર ચપ્પુના ઘા ઝીંકી હત્યા

**વડોદ ગામમાં** પરિણીતા અને પ્રેમી બે-ત્રણ વર્ષથી લીવઇન રિલેશનમાં હતાં

**પોલીસે** ગણતરીના કલાકોમાં આરોપી મોહિત સોનકરને ઝડપી લીધો

સુરતઃ પાંડેસરાના વડોદગામ ખાતે લિવ-ઈન રિલેશનશીપમાં રહેતી એક ૨૯ વર્ષીય પરણીત મહિલાની તેના જ પ્રેમીએ ચપ્પુના અસંખ્ય ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાંખી છે.

આરોપી પ્રેમીને શંકા હતી કે મહિલા અન્ય કોઈ પુરુષ સાથે વાતચીત કરે છે. પાંડેસરા પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી લીધો છે.

મૂળ મધ્યપ્રદેશના રીવા જિલ્લાના તેવથર તાલુકાના સંદોહ ચંદપુરગામના વતની અને હાલ સુરતના ડિંડોલી સ્થિત યોગેશ્વરનગરમાં રહેતા અનિષકુમાર કામતાપ્રસાદ કેવટ (ઉ.વ. ૨૯) લુમ્સ ફેક્ટરીમાં નોકરી કરે છે. તેમના કૌટુંબિક કાકી રન્નુબેન શિવજતન કેવટ પાંડેસરા વડોદગામ ખાતે આવેલી શ્રીરામનગરમાં રહેતા હતા જ્યારે તેમનો પતિ વતનમાં રહે છે.

તેમને પાંડેસરા વડોદગામના જ મોહિત અમરતલાલ સોનકર (ઉ.વ. ૩૦) સાથે પ્રેમસંબંધ બંધાયો હતો અને બંને બે-ત્રણ વર્ષથી લીવઈન રિલેશનશીપમાં રહેતા હતા. પરંતુ હવે તેમને મોહિત સાથે રહેવું ન હતું અને મોહિતને શંકા હતી કે તે અન્ય પુરુષ સાથે વાતચીત કરે છે. આ બાબતે ઝગડો થતાં ઉશ્કેરાયેલા મોહિતે ગત તા. ૦૧/૦૬/૨૦૨૬ ના રોજ સાંજે ૧૯:૦૦ થી ૧૯:૩૦ વાગ્યાના અરસામાં ઘરમાં ઘૂસી રન્નુબેન પર ચપ્પુ જેવા તીક્ષ્ણ હથિયાર વડે તૂટી પડ્યો હતો. આરોપી મોહિતે જાનથી મારી નાખવાના ઈરાદે રન્નુબેનને જમણા હાથના પંજા પર, છાતીના જમણા ભાગે, પેટના ભાગે તેમજ પ્રાઈવેટ પાર્ટના ભાગે ચપ્પુના આડેધડ ઘા મારી ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી અને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

લોહીલુહાણ હાલતમાં મહિલાને ત્વરિત સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. તેનું સારવાર દરમિયાન મોત થતાં પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી મોહિત અમરતલાલ સોનકર વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. દરમિયાન હ્યુમન ઈન્ટેલિજન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે પોલીસ ટીમે હત્યા કરી નાસી છૂટેલા અને રાત્રે ફૂટપાથ પર છુપાઈને સૂઈ રહેલા હત્યારા મોહિત સોનકરને દબોચી લીધો છે.

# અંદર-બહારનો જુગાર રમતી મહિલાઓ ઝડપાઈ

**અમરોલીના** આશીર્વાદ હાઇટ્સના ધાબા પરથી પોલીસે ચાર મહિલાને ઝડપી લીધી

સુરતઃ અમરોલીમાં એક બિલ્ડિંગના ધાબા પર હારજીતનો જુગાર રમતી ચાર મહિલાઓને અમરોલી પોલીસે રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તારીખ ૦૨ જૂનના રોજ બપોરે ૧૨:૪૫ થી ૧૩:૩૦ વાગ્યાના અરસામાં અમરોલી પોલીસેસ બાતમીના આધારે અમરોલી નવા કોસાડ રોડ પર આવેલા આશીર્વાદ હાઈટ્સ બિલ્ડિંગ નંબર-જી ના ધાબા પર રેડ કરવામાં આવી હતી. પોલીસ જ્યારે ધાબા પર પહોંચી ત્યારે ત્યાં ચાર મહિલાઓ ગંજી પાના વડે પૈસાની હારજીતનો અંદર-બહારનો જુગાર રમતી મળી આવી હતી. ઝડપાયેલી મહિલા આરોપીઓના નામ કરૂણાબેન બળવંતગીરી ગૌસ્વામી (ઉ.વ. ૪૩, રહે. આશીર્વાદ હાઇટ્સ, અમરોલી), ભાવનાબેન દાસભાઈ સોલંકી (ઉ.વ. ૫૦, રહે. બુટ ભવાની સોસાયટી, વરાછા), કલાવતીબેન રવિભાઈ સાવલીયા (ઉ.વ. ૩૯, રહે. સહજાનંદ સ્ક્વેર, અમરોલી) તથા આરતીબેન ભુપતભાઈ ઠાકર (ઉ.વ. ૪૫, રહે. એચ.આર.પી. સોસાયટી, કામરેજ) છે. પોલીસે તમામ મહિલાઓની અંગઝડતી લેતા રોકડા રૂ. ૧૫,૫૫૦, જુગારના દાવ પરથી છુટાછવાયા રોકડા રૂ. ૨,૫૮૦ મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ. ૧૮,૧૩૦નો મુદ્દામાલ જપ્ત કરી મહિલાઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.




# પ્રાંતમાં કેસ હારી જતાં તલંગપુરના વૃદ્ધને કાર નીચે કચડવાનો પ્રયાસ

**આજે** તો તમને પતાવી જ દેવાના છે કહી ઉંબેરના કલ્પેશ પટેલે લાકડીથી હુમલો કર્યો

**લોકો** આવી જતાં કાર અને લાકડી મૂકીને આરોપી ફરાર થઇ ગયો



સુરતઃ સ ચીન GIDC વિસ્તારમાં જમીન વિવાદના ચુકાદાની અદાવતમાં એક વૃદ્ધ અને તેમના મિત્ર પર કાર ચઢાવી, લાકડી વડે જીવલેણ હુમલો કરવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. પ્રાંત અધિકારીની કચેરીમાંથી પોતાની તરફેણમાં ચુકાદો આવતા ઉશ્કેરાયેલા સામાવાળાએ વૃદ્ધને જાનથી મારી નાખવાના ઇરાદે સ્વિફ્ટ કાર પુરઝડપે હંકારી લાવી કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો. આ હુમલામાં બે વૃદ્ધોને ગંભીર ઇજાઓ પહોંચાડી આરોપી પોતાની કાર અને લાકડી ઘટનાસ્થળે જ મૂકી નાસી છૂટ્યો હતો.

તલંગપુરગામમાં વેસુગરૂ ફળિયામાં રહેતા અને નિવૃત જીવન જીવતા બલ્લુભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉ.વ. ૬૮) ને ઉંબેરગામના કલ્પેશભાઈ ઈશ્વરભાઈ પટેલ સાથે મોજે ઉંબર ગામની સર્વે નં. ૧૫૬ અને ૨૦૦ પૈકી વાળી જમીન બાબતે લાંબા સમયથી તકરાર ચાલતી હતી. આ જમીન અંગે પ્રાંત અધિકારીની કચેરી ખાતે બલ્લુભાઈની તરફેણમાં ચુકાદો આવ્યા બાદ ગત તા. ૦૨/૦૬/૨૦૨૬ ના રોજ સાંજના સમયે બલ્લુભાઈ સાકેતવીલા સોસાયટીથી તલંગપુરગામ તરફ જતા જાહેર રસ્તા પરથી પોતાની મોટરસાયકલ પર પસાર થઈ રહ્યા હતા. તે સમયે આરોપી કલ્પેશ પટેલ પોતાની સ્વિફ્ટ તેમના પર ચઢાવવાનો પ્રયાસ કર્યો હતો. બલ્લુભાઈ અને તેમની સાથેના લલ્લુભાઈ પટેલ સાઈડમાં ખસી જતાં કાર બાઇક સાથે ભટકાઈ હતી, જેમાં બંનેના પગે ટક્કર વાગતા નીચે પટકાયા હતા. અકસ્માત સર્જ્યા બાદ આરોપી કલ્પેશ કારમાંથી લાકડી લઈને ઉતર્યો હતો અને 'આજે તમોને પતાવી દેવાનો છે' તેમ કહી બલ્લુભાઈના માથામાં, ઘૂંટણમાં અને જમણા હાથની આંગળી પર લાકડીના સપાટા મારી લોહીલુહાણ કર્યા હતા. સચીન GIDC પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાતા પોલીસે કલ્પેશ ઈશ્વરભાઈ પટેલ વિરૂદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો છે.

# શેર ટ્રેડિંગના નામે ગોડાદરાના વેપારી પાસેથી ૨૦ લાખ પડાવ્યા

**બંસાલી** વેલ્યુ ક્રિએશન પ્રા.લિ. કંપનીના ડિરેક્ટર અને એરિયા મેનેજર સામે ગુનો દાખલ

સુરતઃ સરથાણા વિસ્તારમાં જોબિંગ એકાઉન્ટમાં રોકાણ કરવાના બહાને જાણીતી ફાયનાન્સ કંપનીના ડિરેક્ટર અને એરિયા મેનેજરે એક યુવક પાસેથી રૂ.૬૦,૦૦,૦૦૦ પડાવી લીધા બાદ તેમાંથી રૂ.૨૦ લાખ પરત ન આપી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ સરથાણા પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસે ગુનાહિત કાવતરું રચી છેતરપિંડી આચરવા બદલ કંપનીના હોદ્દેદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ મહારાષ્ટ્રના અકોલા (નાદુરા) ના વતની અને હાલ સુરતના ગોડાદરા વિસ્તારમાં આવેલા શ્રીશક્તિ કોમ્પ્લેક્સમાં રહેતા સંજય ગજાનંદભાઈ સોનવણે (ઉં.વ.૨૮) મોટા વરાછા સિલ્વર ટ્રેડ સેન્ટરમાં શેર ટ્રેડિંગનું કામ કરે છે. જુલાઈ-૨૦૨૫ દરમિયાન તેઓ સરથાણા જકાતનાકા પાસે આવેલી 'અવધ વાઈસરોય' બિલ્ડિંગના ત્રીજા માળે દુકાન નંબર ૩૬૪, ૩૬૬ ખાતે કાર્યરત 'બંસાલી વેલ્યુ ક્રિએશન પ્રા. લિ.' કંપનીના સંપર્કમાં આવ્યાં હતાં. સંજયભાઈએ આ કંપનીના જોબિંગ એકાઉન્ટમાં કુલ રૂ.૬૦,૦૦,૦૦૦ રોકડા રોકાણ અર્થે આપ્યા હતા. ત્યારબાદ, બંસાલી વેલ્યુ ક્રિએશન કંપની દ્વારા સંજયભાઈને અલગ-અલગ સમયે બેંક મારફતે રૂ.૩૭,૦૦,૦૦૦ અને રોકડા રૂ.૩,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૪૦,૦૦,૦૦૦ પરત આપવામાં આવ્યા હતા. જોકે, બાકી નીકળતા રૂ.૨૦,૦૦,૦૦૦ લાંબો સમય વીતવા છતાં કંપનીના સંચાલકોએ પરત કર્યા નહોતા અને વાયદાઓ કરી વેપારી હેસિયતે વિશ્વાસઘાત કર્યો હતો. અંતે આ મામલો સરથાણા પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. પોલીસે સંજય સોનવણેની ફરિયાદના આધારે બંને આરોપી આશુતોષભાઈ ધીરેન્દ્રભાઈ મણીયાર (ડિરેક્ટર, બંસાલી વેલ્યુ ક્રિએશન પ્રા.લી., રહે., રૂપાલી સોસાયટી, તળાજા રોડ, ભાવનગર) તથા અમીતભાઈ રમણીકભાઈ કોરાટ (એરિયા મેનેજર, રહે., શિવ પ્લાઝા એપાર્ટમેન્ટ, નવજીવન રોડ, સરથાણા) વિરુદ્ધ છેતરપિંડી અને ગુનાહિત કાવતરું મુજબ ગુનો નોંધી આગળની તપાસ પોલીસ પીએસઆઈ એસ.ડી.ચૌધરી કરી રહ્યા છે.

# મેરી માતા સ્કૂલમાં પુસ્તકોના નામે કમાણી?



**કેમ્પસમાં** ગેરકાયદે સ્ટોલ ઊભા કરી દેવાયા

**DEOએ** તપાસના આદેશ આપતા ફફડાટ

સુરતઃ શહેરની જાણીતી મેરી માતા પબ્લિક સ્કૂલ ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવી છે. શાળા પરિસરની અંદર જ ગેરકાયદે રીતે પાઠ્યપુસ્તકોનો સ્ટોલ ઊભો કરીને વાલીઓ પર મોંઘા પુસ્તકો ખરીદવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હોવાના આક્ષેપો સામે આવ્યા છે. આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શિક્ષણ જગતમાં ભારે ચર્ચા જાગી છે.

મળતી માહિતી મુજબ, શાળા પ્રશાસન દ્વારા આડકતરી રીતે એવું વાતાવરણ ઊભું કરવામાં આવી રહ્યું છે કે પુસ્તકો માત્ર શાળાની અંદરથી જ ખરીદવાના રહે, જેના કારણે તેઓ બહારથી ઓછી કિંમતે ઉપલબ્ધ પુસ્તકો ખરીદી શકતા નથી.

### પહેલાં ફી અને પુસ્તકોનાં નાણાં ભરો, પછી જ આગળની પ્રક્રિયા થશે

મળતી માહિતી અનુસાર, શાળા દ્વારા ધોરણ-6ના પાઠ્યપુસ્તકોના સેટ માટે આશરે રૂ.5,000થી 5,500 અને ધોરણ-9ના પુસ્તકો માટે રૂ.1,800થી 1,890 સુધીની રકમ વસૂલવામાં આવી રહી છે. શાળામાં પુસ્તકો ખરીદવા આવેલા જાગૃત વાલી સચિનભાઈએ પોતાનો રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, સવારથી જ 500થી 600 જેટલા વાલીઓની ભારે ભીડ જામી હતી. શાળાની ફી અને પુસ્તકોનો ખર્ચ એટલો વધી ગયો છે કે સામાન્ય માણસ માટે બાળકોને અભ્યાસ કરાવવો મુશ્કેલ બની રહ્યો છે. ધોરણ-6ના પુસ્તકો માટે રૂ.5000થી વધુ અને ધોરણ-9 માટે રૂ.1890 લેવામાં આવી રહ્યા છે. એક જ ધોરણમાં A, B અને C વિભાગ મળીને 165થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હોવા છતાં આટલી મોટી રકમ વસૂલવા પાછળનું કોઈ સ્પષ્ટ કારણ આપવામાં આવતું નથી.

વાલીઓએ વધુ એક ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું છે કે, ફી વસૂલાત માટે પણ માનસિક દબાણ ઊભું કરવામાં આવે છે. પહેલાં ફી અને પુસ્તકોના નાણાં ભરો, પછી જ આગળની પ્રક્રિયા થશે, જેવી નીતિ અપનાવવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

### સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈને DEOએ તાત્કાલિક અસરથી વિશેષ તપાસના આદેશો આપ્યા

DEO ભગીરથસિંહ પરમારે જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગના નિયમો મુજબ કોઈ પણ ખાનગી શાળા પોતાના પરિસરમાં પુસ્તકો, ગણવેશ અથવા અન્ય શૈક્ષણિક સામગ્રીનું વ્યાવસાયિક વેચાણ કરી શકતી નથી. મેરી માતા પબ્લિક સ્કૂલ અંગે સામે આવેલા વિડીયો અને વાલીઓના આક્ષેપોને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગની વિશેષ તપાસ ટીમને શાળા ખાતે મોકલવામાં આવી રહી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, જો તપાસ દરમિયાન શાળા દ્વારા નિયમોનો ભંગ કરવામાં આવ્યો હોવાનું અથવા વાલીઓ પર ચોક્કસ સ્થળેથી પુસ્તકો ખરીદવા માટે દબાણ કરવામાં આવ્યું હોવાનું સાબિત થશે, તો શાળા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યવાહીમાં દંડ ફટકારવાથી લઈને શાળાની માન્યતા રદ કરવાની ભલામણ સુધીના પગલાંનો પણ સમાવેશ થઈ શકે છે.

# કાપડ માર્કેટને અશાંત ધારામાંથી મુક્ત કરવામાં આવે: CAIT

**મુખ્યમંત્રી** ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને CAITના રાષ્ટ્રીય વાઈસ ચેરમેનનો પત્ર

સુરતઃ CAITના રાષ્ટ્રીય વાઈસ ચેરમેન અને ટેક્સટાઈલ તથા ગારમેન્ટ કમિટીના રાષ્ટ્રીય ચેરમેન ચંપાલાલ બોથરાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને એક પત્ર મોકલી સુરતની આશરે 220થી વધુ કાપડ માર્કેટોને અશાંતધારામાંથી મુક્તિ આપવાની માંગ કરી છે.

ચંપાલાલ બોથરાએ પત્રમાં જણાવ્યું છે કે, અશાંત ધારો મૂળભૂત રીતે સંવેદનશીલ રહેણાક વિસ્તારો માટે છે જ્યારે સુરતનાં કાપડ બજારો સંપૂર્ણપણે 'હોલસેલ કમર્શિયલ હબ' છે, જ્યાં કોઈ રહેણાંક સ્વરૂપ નથી.

એક સામાન્ય રેન્ટ એગ્રીમેન્ટ કે દુકાન ટ્રાન્સફરની પરવાનગી મેળવવામાં જ ઓછામાં ઓછો 1 મહિનાનો સમય લાગી જાય છે.આ વ્યવસ્થાના કારણે કાનૂની વિલંબ, દુકાન અને ઓફિસના હસ્તાંતરણમાં બિનજરૂરી વિલંબ થાય છે. ત્યારે શુદ્ધ વ્યાપારી વિસ્તારોમાંથી આવા અપ્રસ્તુત વહીવટી અવરોધોને દૂર કરવા એ સમયની માંગ છે.

### CAITની 5 મુખ્ય માંગણીઓ

1) માર્કેટ્સને તાત્કાલિક મુક્તિઃ સુરતના તમામ 220થી વધુ ટેક્સટાઇલ માર્કેટ, શો-રૂમ, ઓફિસ અને હોલસેલ વ્યાપારી સંકુલોને અશાંત ધારાના દાયરામાંથી તાત્કાલિક બહાર કરવામાં આવે.

2) વિશેષ વ્યાપારી ક્ષેત્રઃ સુરતના આ અગ્રણી કાપડ બજારોના મહત્ત્વને ધ્યાનમાં રાખીને તેમને "વિશેષ વ્યાપારી ક્ષેત્ર" (Special Commercial Zone) જાહેર કરવામાં આવે.

3) પ્રક્રિયાનું સરળીકરણઃ વ્યાવસાયિક મિલકતોનાં ભાડાં, હસ્તાંતરણ અને વેચાણ સંબંધિત બાબતોમાં એનઓસી (NOC) પ્રક્રિયા નાબૂદ કરવામાં આવે અથવા અત્યંત સરળ બનાવવામાં આવે.

4) ટાઇમ-બાઉન્ડ ઓનલાઇન વ્યવસ્થાઃ વ્યાપારી વ્યવહારો માટે સમયબદ્ધ, પારદર્શક અને સિંગલ-વિન્ડો ઓનલાઇન વ્યવસ્થા લાગુ કરવામાં આવે.

# રેલનીરની 14ની બોટલના 20 રૂપિયા વસૂલનારનો સ્ટોલ સીલ

**સુરત** રેલવે સ્ટેશનના તમામ કેટરિંગ સ્ટોલ પર હવે ડિજિટલ બિલ ફરજિયાત




સુરત : સુરત રેલવે સ્ટેશન પર મુસાફરો પાસેથી પાણીની બોટલના નિર્ધારિત ભાવ કરતા વધુ કિંમત વસૂલતા વેન્ડરો સામે મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. ઘટનાની વિગત મુજબ, રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-3 પર આવેલા એક કેટરિંગ સ્ટોલ ઉપર મુસાફર પાસેથી રેલનીરની પાણીની બોટલ માટે 14 રૂપિયાને બદલે 20 રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. જ્યારે મુસાફરે આ ગેરકાયદે ઉઘરાણીનો વિરોધ કર્યો, ત્યારે સ્ટોલ સંચાલકે પોતાની ભૂલ સ્વીકારવાને બદલે ઉદ્ધત વર્તન કરી મુસાફરને રેલવે અધિકારીઓને ફરિયાદ કરવાની ખુલ્લી ચેતવણી આપી હતી. આ ઘટનાથી રોષે ભરાયેલા મુસાફરે સોશિયલ મીડિયાના માધ્યમથી રેલવે વિભાગને પુરાવા સાથે ફરિયાદ કરી હતી.

આ ફરિયાદની ગંભીરતાને ધ્યાનમાં લઈને મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના ડીઆરએમ પંકજ સિંહે ત્વરિત અને કડક કાર્યવાહીના આદેશ આપ્યા હતા. રેલવેના ઉચ્ચ અધિકારીઓના નિર્દેશોનું પાલન કરતા, સ્થાનિક તંત્રએ તાત્કાલિક અસરથી પ્લેટફોર્મ નંબર-3 પરના તે કેટરિંગ સ્ટોલને બંધ કરાવી દીધો છે.

રેલવે વિભાગના જણાવ્યા અનુસાર, આ અંગે એક વિસ્તૃત અહેવાલ મુંબઈ ડિવિઝનને મોકલવામાં આવશે અને ત્યારબાદ નિયમ મુજબ દંડની વસૂલાત સહિતની આગળની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# ચોમાસા પહેલાં ટ્રેન્ચ લાઈનનું રિપેરિંગ, પેચવર્ક યુદ્ધના ધોરણે પૂર્ણ કરવા સૂચના

સુરતઃ સુરતમાં ચોમાસાનું આગમન થઈ ચૂક્યું હોવાથી વરસાદી મોસમ દરમિયાન શહેરીજનોએ હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે સુરત મહાનગરપાલિકાને ટ્રેન્ચ લાઈનના રિપેરિંગ અને પેચવર્કની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે. સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલા પાણી અને ડ્રેનેજ લાઈનના કામોની સમીક્ષા દરમિયાન આ અંગે ખાસ નોંધ મૂકી છે.

અનેક વિસ્તારોમાં નવી પાણીની અને ડ્રેનેજ લાઈનો નાખવાની કામગીરી ચાલી રહી છે. વિવિધ વિકાસકામોને કારણે મનપા દ્વારા અનેક સ્થળોએ રસ્તાઓનું ખોદકામ કરવામાં આવ્યું છે. આવા વિસ્તારોમાં સમયસર રસ્તાનું સમારકામ ન થાય તો ભારે વરસાદ દરમિયાન પાણી ભરાવા, કાદવ અને ટ્રાફિકની સમસ્યાઓ સર્જાઈ શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાયી સમિતિ અધ્યક્ષે સૂચના આપી છે કે જ્યાં પાણી અને ડ્રેનેજ લાઈનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અથવા આગામી થોડા દિવસોમાં પૂર્ણ થવાની છે, ત્યાં તાત્કાલિક ટ્રેન્ચ લાઈનનું રિપેરિંગ કરી પેચવર્ક કરવામાં આવે. ખાસ કરીને રહેણાંક સોસાયટીઓ અને મુખ્ય માર્ગો પર લોકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે પ્રાથમિકતાના ધોરણે કામગીરી પૂર્ણ કરવા ભાર મૂકવામાં આવ્યો છે.

# 4 તોલા સોનાની ચેનની કિંમત પોલીસે 14 હજાર ગણી

**સલાબતપુરામાં** 'મજૂરી કામ મળશે' કહી સફાઈ કરી રહેલા વેપારીની ચેઈનની ચીલઝડપ

સુરતઃ સલાબતપુરા વિસ્તારમાં ધોળા દિવસે ફૂટપાથ પર સફાઈ કરી રહેલા એક વૃદ્ધ ફિશ વેપારી કમ સફાઈ કામદારને વાતોમાં પરોવી ગઠિયો ગળામાંથી આશરે ૪ તોલાની સોનાની ચેઈન આંચકીને રફૂચક્કર થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે. આ અંગે વૃદ્ધે સલાબતપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ડુમસના નાની બજાર ખાતે ટેકરા ફળિયામાં રહેતા અને મચ્છીનો વેપાર કરતાં રણજીતભાઈ સોમાભાઈ મૈસુરિયા (ઉં.વ.૫૬) તા. ૧૬/૦૫/૨૦૨૬ ના રોજ સવારે સલાબતપુરા ડી.કે.એમ. સર્કલથી નવસારી બજાર તરફ જવાના રોડની સાઈડમાં ફૂટપાથ પર ઝાડુથી સફાઈ કામ કરી રહ્યા હતા. આ દરમિયાન આશરે ૩૦થી ૩૫ વર્ષની ઉંમરનો એક અજાણ્યો ઈસમ તેમની નજીક આવ્યો હતો. તેણે રણજીતભાઈને કોઈ જગ્યાએ મજૂરી કામ મળશે? તેમ પૂછી વાતોમાં પરોવ્યા હતા. વૃદ્ધ કંઈ સમજે તે પહેલાં જ આ અજાણ્યા બદમાશે રણજીતભાઈના ગળામાં પહેરેલી આશરે ૪ તોલા સોનાની ચેઈન (જેની અંદાજિત કિંમત રૂ. ૧૪,૦૦૦) આંચકી ગઠિયો નાસી છૂટ્યો હતો.

# લોનની બાકી રકમ વીમા કંપની દ્વારા ચૂકવવાની પત્નીની માંગ નકારાઈ

**બેન્ક** અને વીમા કંપનીની દલીલ-પુરાવાને ગ્રાહ્ય રાખતું સુરત ગ્રાહક કમિશન

સુરતઃ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને પતિના મૃત્યુ બાદ લીધેલી લોનની બાકી રકમ વીમા કંપની દ્વારા ચૂકવવાની માંગ કરતી પત્નીની ફરિયાદ ખારીજ કરી હતી. સોનગઢનાં કાંગુબેન ગામીતે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા અને એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ વિરુદ્ધ સુરત ગ્રાહક કમિશનમાં ફરિયાદ કરી હતી. ફરિયાદીના પતિ લાલજી ગામીતે રૂ.૧૧.૫૦ લાખની હોમ લોન સાથે રૂ.૪૭,૦૬૦નું પ્રીમિયમ ભરી વીમો લીધો હતો. ફરિયાદીના પતિનું તા.૧૦-૧૨-૨૦૧૪માં અકસ્માતમાં મૃત્યુ થતાં લોનની બાકી રકમ વીમા કંપનીએ ચૂકવવાની ના પાડતાં કમિશનમાં ફરિયાદ કરી દાદ માંગવામાં આવી હતી. બેંક અને વીમા કંપની તરફથી દલીલ થઈ હતી કે સંબંધિત વીમા પોલિસી માટે જરૂરી પ્રપોઝલ ફોર્મ ભરવામાં આવ્યું નહોતું તેમજ વીમા પ્રીમિયમની રકમ પણ જમા થઈ હોવાના પુરાવા ઉપલબ્ધ નથી. તેથી વીમા કવર અમલમાં આવ્યું હોવાનું માન્ય નથી. બંને પક્ષની દલીલો અને પુરાવાને ધ્યાને લઈ ગ્રાહક સુરક્ષા કોર્ટે હાલના ફરિયાદીનું નામ ફોર્મમાં અલગ છે.

ફરિયાદી ગ્રાહક હોય તેવું ફલિત થતું નથી અને તેથી અત્રેનું કમિશન ફરિયાદી માંગે છે તેવી દાદ મંજૂર કરવા માટે કાયદાકીય રીતે સક્ષમ નથી તેમ નોંધી ફરિયાદીની ફરિયાદ નામંજૂર કરી હતી.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સુરત શહેર ક્ષેત્ર-૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭ ફોન : + ૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭, + ૯૧ ૮૬૮૨૯૭૭૭૫૯

ઈ-હરાજી વેચાણ નોટીસ

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ સહિત વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮ (૬)ની શરતો હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (હવે પછી અહીં 'એક્ટ' તરીકે ઉલ્લેખ થશે) હેઠળ સ્થાવર / ચલિત અસ્કયામતોનું વેચાણ. આથી આ નોટીસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને ગીરવેદાર(રો) ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સિક્યુર્ડ ક્રેડિટર પાસે ગીરવે મુકાયેલ/ચાર્જમાં રહેલ જેનો કબજો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિક્યુર્ડ ક્રેડિટર દ્વારા લેવાયેલ છે. તે નીચે દર્શાવેલ ખાતા/ઓની વસુલી માટે "જે છે ત્યાં છે", "જે છે તે છે" અને "જેમ છે તેમ છે" ના આધારે વેચવામાં આવશે. જે અંગેનાં દેવાદાર/ઓ/ ગીરવેદાર/ જામીનદાર/ઓ, સુરક્ષિત કરેલ મિલકતો બાકી રકમ, અનામત કિંમત, ઈ-હરાજી તારીખ અને સમય, ઈએમડી અને બોલી વધારીની રકમ નીચે દર્શાવેલ છે.

હરાજીની તા.૨૨/૦૬/૨૦૨૬, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦, નિરિક્ષણ તા.૧૯/૦૬/૨૦૨૬ અને ૨૦/૦૬/૨૦૨૬

| અ. નં. | શાખા / દેવાદારનું નામ અને ડિમાન્ડ નોટીસની તારીખ | મિલકતનાં માલિક | મિલકતનું વર્ણન | મિલકતનો પ્રકાર (રોહાઉસ/ફલેટ/રહે. પ્લોટ/ઔદ્યોગિક પ્લોટ/ ઔદ્યોગિક બિલ્ડીંગ) / કબજાનો પ્રકાર પ્રત્યક્ષ/સાંકેતિક | બાકી લેણા (રૂ. લાખમાં) તા.૩૧.૦૫.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત (જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા) | ૧) અનામત કિંમત (વાસ્તવિક) ૨) અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) ૩) બીડ વધારાની રકમ | સંપર્ક અધિકારીનું નામ અને નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **મેડિકલ કોલેજ** / શ્રી ધર્મેશ ભુપતભાઈ હૂન ૧૦.૦૧.૨૦૨૫ | શ્રી ધર્મેશ ભુપતભાઈ હૂન | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે પ્રમુખ હાઈટ્સ ની બિલ્ડીંગ નં. સી ના ૧લા માળનો ફલેટ નં. ૧૦૪ માપ ૭૨.૦૪ ચો.મીટર બીલ્ટઅપ એરીયા અને માપ ૫૬.૪૬ ચો.મીટર કારપેટ એરીયા ના વણવહેચાયેલ પ્રમાણસર હિસ્સા સહિત માપ ૨૯.૪૭ ચો.મીટર જે જમીન નો એફ.પી.નં. ૨૦૧, માપ ૬૩૭૪ ચો.મીટર, ટી.પી.સ્કીમ નં. ૬૬ (કોસાડ-વરીયાવ), બ્લોક નં.૭૩૯ ( રે.સ.નં.૪૫૦- ૩) માપ ૯૧૦૬ ચો.મીટર, ગામ. કોસાડ, સબ ડિસ્ટ્રીક. અડાજણ, જી. સુરત ખાતે આવેલ છે. | ફલેટ / પ્રત્યક્ષ | રૂા.૩૨.૭૯ + અન્ય ચાર્જીસ | ૧) ૨૯,૨૯,૫૦૦/- ૨) ૨,૯૨,૯૫૦/- ૩) ૧૦,૦૦૦/- | સંદિપકુમાર જા ૮૯૮૦૦૨૬૭૭૬ |
| ૨. | **ઓલપાડ** / વસંતબેન ધીરૂભાઈ બેલડીયા ૦૯.૦૪.૨૦૨૧ | વસંતબેન ધીરૂભાઈ બેલડીયા અને રવિ ધીરૂભાઈ બેલડીયા | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત શ્રી દર્શન રેસીડન્સી સ્થિત ખુલ્લો પ્લોટ નં.૮૨ (૬૩૬/૮૨) રેવન્યુ સર્વે નં.૮૪, બ્લોક નં.૬૩૬ ગામ મારમા, તા.ઓલપાડ, જી.સુરત, ગુજરાત ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૨૮.૪૨ + અન્ય ચાર્જીસ | ૧) ૧૦,૮૯,૦૦૦/- ૨) ૧,૦૮,૯૦૦/- ૩) ૧૦,૦૦૦/- | આંનદ મોગર ૮૯૮૦૦૨૬૬૬૧ |
| ૩. | **એમએસએમઈ** / ગોમા લાલ ૨૩.૦૪.૨૦૨૪ | ગોમા લાલ શકુંતલાદેવી | પ્લોટ નં. ૫૧ એરિયાનું ક્ષેત્રફળ ૪૮.૦૨ ચો. વાર, કે.જે.પી મુજબ બ્લોક નં. ૩૭૬/૫૧, એરિયાનું ક્ષેત્રફળ ૪૦.૧૫ ચો.મી, શ્રી ગોર્વધન ડ્રીમ રેસીડન્સી, અવિભાજીત હકક અને હિસ્સો સાથેનો કોમન રોડ અને સી.ઓ.પી. ક્ષેત્રફળ ૨૬.૨૩ ચો.મીટર જમીન નો રી-સર્વે/બ્લોક નં.૨૯૩, જુનો બ્લોક નં. ૩૫૩/એ, રીવાઈઝ બ્લોક નં. ૩૭૬, ક્ષેત્રફળ ૨૫૯૩૬ ચો.મીટર મોજે ગામ-હલધારૂ, તા-કામરેજ, જી. સુરત. | રો હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૧.૮૦ + અન્ય ચાર્જીસ | ૧) ૭,૬૫,૦૦૦ ૨) ૭૬,૫૦૦ ૩) ૧૦,૦૦૦ | પ્રનોતી એસ નેને ૮૯૮૦૦૨૧૦૫૫ |
| ૪. | **એમએસએમઈ** / મંજૂ સીંગ ૧૨.૦૭.૨૦૨૪ | મંજૂ સીંગ | શ્રી ગોર્વધન ડ્રીમ રેસીડન્સી નો પ્લોટ નં.૨૪૨ એરિયા મુજબ માપ ૮૨.૦૦ ચો.વાર એટલે કે ૬૮.૫૬ ચો.મીટર ,કેજેપી મુજબ બ્લોક નં.૩૭૬/૨૪૨ માપ એરીયા ૬૫.૬૪ચો.મી. મિલકત ના રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા ૩૯.૯૬ ચો.મીટર સાથે બિનખેતી જમીન રેવન્યુ સર્વે નં. ૨૯૩, જુના બ્લોક નં.૩૫૩/એ, બદલાયેલ બ્લોક નં. ૩૭૬ માપ ૨૫૯૩૬ ચો.મીટર મોજે ગામ. હલધરૂ, તા.કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૬.૮૩ + અન્ય ચાર્જીસ | ૧) ૧૩,૪૦,૦૦૦ ૨) ૧,૩૪,૦૦૦ ૩) ૧૦,૦૦૦ | પ્રનોતી એસ નેને ૮૯૮૦૦૨૧૦૫૫ |
| ૫. | **એમએસએમઈ** / દિનેશભાઈ પીઠાભાઈ બલદાનીયા ૨૩.૦૪.૨૦૨૪ | કંચનબેન દિનેશભાઈ બલદાનીયા | ચંદ્રદર્શન રેસીડન્સી ૧ નો પ્લોટ નં. ૧૬૮ (કે.જે.પી મુજબ બ્લોક નં. ૩૦૯-૧૬૮), ક્ષેત્રફળ ૧૦૯.૧૧ ચો.મી. ગ્રાઉન્ડ ફ્લોર પહેલા માળનાં બાંધકામ સાથે, બિલ્ડઅપ એરીયાનું ક્ષેત્રફળ ૧૪૮.૬૪ ચો.મી, અવિભાજીત હક્ક અને હિસ્સા સાથેનો રોડ અને સીઓપી સાથે, જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં.૩૨૬, બ્લોક નં. ૩૦૯, ક્ષેત્રફળ ૨૬૨૮૧ ચો.મી., ગામ-કામરેજ, તાલુકો-કામરેજ, જી-સુરત. | રો હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૩૮.૯૨ + અન્ય ચાર્જીસ | ૧) ૨૫,૫૦,૦૦૦ ૨) ૨,૫૫,૦૦૦ ૩) ૧૦,૦૦૦ | પ્રનોતી એસ નેને ૮૯૮૦૦૨૧૦૫૫ |
| ૬. | **નાનાવરાછા રોડ** / સોલંકી મુનાભાઈ ધરમશીભાઈ ૧૦.૦૪.૨૦૨૪ | અસ્મિતાબેન મુનાભાઈ સોલંકી | રાજનંદિની રેસીડેન્સી, વિભાગ-૧, નો પ્લોટ નં.૦૫, શુભલક્ષ્મી રો હાઉસ ની બાજુમાં, વ્રજ વિલા રેસીડેન્સી પાસે, ઉમરા, ઓલપાડ, સુરત-૩૯૪૧૫૦ ખાતે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૨૧.૧૧ + અન્ય ચાર્જીસ | ૧) ૧૨,૯૮,૦૦૦ ૨) ૧,૨૯,૮૦૦ ૩) ૧૦,૦૦૦ | જંગબહાદુર ૮૯૮૦૦૨૧૦૬૨ |
| ૭. | **હની પાર્ક** / શુભાષભાઈ ગુણીલાલ કનોજીયા ૧૦.૧૨.૨૦૨૧ | સંગીતા સુભાષ કનોજીયા અને સુભાષભાઈ ગુણીલાલ કનોજીયા | આરાધના ડ્રીમ વિભાગ-૨ સ્થિત પ્લોટ નં.૮૯, જેનું માપ એરીયા ૭૨.૦૦ ચો .વાર,(કેજેપી મુજબ બ્લોક નં. ૧૬૧/૮૯ માપ ૬૦.૨૨ ચો.મી.)જે સોસાયટીના કોમન રોડ અને સીઓપી ના વણવહેચાયેલ હિસ્સા સહીત માપ ૨૯.૬૭ ચો.મીટર જમીનનો બ્લોક નં.૧૬૪, મોજે ગામ જોળવા, તાલુકા પલસાણા, જી.સુરત ખાતે શ્રીમતી સંગીતા સુભાષ કનોજીયા અને શ્રી સુભાષભાઈ ગુણીલાલ કનોજીયા ના નામે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૨૨.૮૩ + અન્ય ચાર્જીસ | ૧) ૧૦,૭૧,૦૦૦/- ૨) ૧,૦૭,૧૦૦/- ૩) ૧૦,૦૦૦/- | અમન આનંદ ૮૯૮૦૦૨૬૬૦૫ |

સરફેસી એક્ટ હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદારને ૧૫ દિવસ ની વૈધાનિક વેચાણ નોટીસ

તમામ મિલકત માટે બિડ વધારા રકમ રૂા.૧૦,૦૦૦/- (રૂપિયા દશ હજાર પુરા) રહેશે. વેચાણનાં વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી આપેલ લીંક https://www.bankofbaroda.in/e-auction.htm, https://baanknet.com પર જાવ.
સંભવિત બિડરો અધિકૃત અધિકારી ફોન નં. +૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭, +૯૧ ૮૬૮૨૯૭૭૭૫૯ નો સંપર્ક કરે.
(જો અંગ્રેજી સંસ્કરણ અને કોઈપણ અન્ય ભાષાના સંસ્કરણ વચ્ચે વિસંગતતા જણાય તો અંગ્રેજી સંસ્કરણને માન્ય ગણવામાં આવશે.)

SCAN HERE For detailed Terms & Conditions

તા.૦૪.૦૬.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, ચીફ મેનેજર, બેંક ઓફ બરોડા